# બારડોલીમાં ભંગારનાં 8 ગોડાઉનમાં આગ

**મધરાતે** ૨ વાગ્યાની આસપાસ ભીષણ આગ લાગી, ૧૦ કલાકે કાબૂમાં મેળવાયો



બારડોલીઃ બારડોલી નગરપાલિકા હદ વિસ્તારના ધુલિયા રોડ પર આવેલા ભંગારના ગોડાઉનોમાં ગત મધરાતે ૨ વાગ્યાની આસપાસ ભીષણ આગ ભભૂકી ઊઠતાં ભારે અફરાતફરી મચી ગઈ હતી.

પ્રથમ તબક્કે આગને કાબૂમાં લેવાના પ્રયાસો થયા હતા, પરંતુ ભારે પવનને કારણે મળસકે ૫ વાગ્યે તણખા ઊડતાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. આગની જ્વાળાઓએ એકબીજાને અડીને આવેલા અન્ય ભંગારનાં ગોડાઉનોને પણ ઝપેટમાં લીધાં હતાં. સ્થળ નજીક પાણી ભરવાની સુવિધા ન હોવાથી બારડોલી ફાયર ડિવિઝનનાં વાહનોને ટાઉન સુધી ચક્કર મારવાની ફરજ પડી હતી. આગનું સ્વરૂપ 'મેજર ફાયર' જણાતાં સુરત જિલ્લા ફાયર ડિવિઝન દ્વારા બારડોલી સહિત સુરત SMC, વ્યારા, પીઈપીએલ, કામરેજ, નવસારી, અને વ્યારા સહિત ૭ ફાયર સ્ટેશનનાં ફાયર એન્જિનોને તાત્કાલિક બોલાવવામાં આવ્યાં હતાં. તમામ ફાયર ટીમોએ સતત ૧૦ કલાકની ભારે જહેમત બાદ આગને કાબૂમાં લીધી હતી.

સદભાગ્યે આગની મોટી ઘટના હોવા છતાં કોઈ જાનહાનિ નોંધાઈ નથી. જેનાથી તંત્ર અને સ્થાનિકોએ રાહત અનુભવી હતી. ઘટના સ્થળે બારડોલીના પ્રાંત ડેપ્યુટી કલેક્ટર જિગ્ના પરમાર, મામલતદાર કલ્પના પટેલ અને પોલીસ ઈન્સ્પેક્ટર વી.એ.દેસાઈએ મુલાકાત લીધી હતી. મામલતદારને આગનું કારણ, જમીનની માલિકી, રહેણાક વસાહતો નજીક બાંધકામની પરવાનગીઓ, ફાયર સેફ્ટીની સુવિધા અને વીજ જોડાણની સંપૂર્ણ તપાસ કરી રિપોર્ટ તૈયાર કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. આ ભીષણ આગમાં પ્લાસ્ટિક મટિરિયલનો ભંગાર ધરાવતા શબીર, સાહિલ અને ઈસ્માઈલ સહિત વિવિધ ૮ ભંગારિયાનાં ગોડાઉનોનો જથ્થો સંપૂર્ણપણે બળી જતાં ભારે નુકસાન થયું છે.



# કીમ ઓવરબ્રિજ નીચે દબાણ દૂર કરાતાં ટ્રાફિકથી રાહત

**લારીગલ્લા** અને પાથરણાવાળાઓને કારણે ટ્રાફિકમાં અવરોધ ઊભો થતો હતો

કીમઃ ઓલપાડના કીમ ગામે આવેલા રેલવે ઓવરબ્રિજ નીચે લાંબા સમયથી ટ્રાફિક સમસ્યા સર્જાતી તેમજ સર્વિસ નિર્માણ બાબતે હોવાને પગલે અંતે તંત્ર હરકતમાં આવ્યું છે. સુરત માર્ગ અને મકાન વિભાગ દ્વારા બ્રિજ નીચે થયેલા દબાણ દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

કીમ ગામે હાલ રેલવે ઓવરબ્રિજના સર્વિસ રોડનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે. આવા સમયે બ્રિજ નીચે શાકભાજીની લારીઓ, નાના ગલ્લાઓ તેમજ પાથરણાવાળાઓ દ્વારા કરાયેલા દબાણને કારણે માર્ગ સંકુચિત બનતો હતો. પરિણામે પિક અવર્સ દરમિયાન ભારે ટ્રાફિક જામ સર્જાતો હતો અને રોજિંદા અવરજવર કરનાર લોકોને ભારે હાલાકી ભોગવવી પડતી હતી. માર્ગ નિર્માણની કામગીરીને પણ આ દબાણો અડચણરૂપ બનતા હોવાની ફરિયાદો ઊઠી રહી હતી. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખી સુરત માર્ગ અને મકાન વિભાગ દ્વારા શાંતિપૂર્ણ માહોલમાં દબાણ દૂર કરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. તંત્રની આ કાર્યવાહી દરમિયાન કોઈ અનિચ્છનીય ઘટના બને નહીં એ માટે આગોતરા આયોજન સાથે કામગીરી કરવામાં આવી રહી છે. સ્થાનિક વેપારીઓને પણ સમજાવીને વૈકલ્પિક વ્યવસ્થા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું છે. દબાણ દૂર થતાં બ્રિજ નીચેનો માર્ગ ખુલ્લો બનશે, ટ્રાફિક વ્યવસ્થા સુવ્યવસ્થિત થશે અને સર્વિસ રોડના નિર્માણ કાર્યને પણ વેગ મળશે. કીમ ગામ સહિત આસપાસના વિસ્તારના નાગરિકોમાં આ પગલાંને લઈને સંતોષ વ્યક્ત કરવામાં આવી રહ્યો છે.

### પિલર પાસે આડેધડ વાહનો પાર્ક થતાં હેરાનગતિ

કઠોદરા-કીમ-કઠોદરા રોડ પર બે શાળાઓ આવેલી હોવાના કારણે રોજિંદી અવરજવર દરમિયાન વિદ્યાર્થીઓ અને સ્કૂલ બસોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. હાલ માર્ગ મકાન વિભાગ દ્વારા સર્વિસ રોડનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે, ત્યારે કીમ રેલવે સ્ટેશન નજીકના પિલર પાસે લોકો આડેધડ વાહનો પાર્ક કરીને સુરત નોકરીએ જતા રહે છે. ખાસ કરીને ગણેશનગર અને કીમ ઓવરબ્રિજના સર્વિસ રોડનું કામ ચાલુ હોવાથી ટ્રાફિકની સમસ્યા વધુ ગંભીર બની છે. પરિણામે સ્કૂલ બસો અટવાઈ રહી છે અને વિદ્યાર્થીઓને સમયસર શાળાએ પહોંચવામાં અડચણો આવી રહી છે. આથી ઓવરબ્રિજ નીચે તથા કીમ રેલવે સ્ટેશન પાસે પોલીસ સ્ટેશન તરફથી GRDની વ્યવસ્થા કરવામાં આવે તો ટ્રાફિક નિયંત્રણમાં આવી શકે અને વિદ્યાર્થીઓ તથા વાહનચાલકોને રાહત મળી શકે.

## સંક્ષિપ્ત સમાચાર

### વાવ ગામે પરિણીતા પુત્રીને લઈ ગુમ

કામરેજઃ મૂળ જૂનાગઢના વતની અને હાલ કામરેજના વાવ ગામની હદમાં સવિતાકુંજ હોમ્સ કેનાલ મિશન રોડ પર ભાવેશ મધુભાઈ રામોલિયા રહે છે. વર્ષ-2019માં જેનિકાબેન સાથે લગ્ન થયાં હતાં. લગ્નજીવન દરમિયાન એક પુત્રી વર્ણી (ઉ.વ.4) છે. તેઓ બે દિવસ અગાઉ નિત્યક્રમ મુજબ સવારે કામ ઉપર જતા રહ્યા હતા. ઘરે પત્ની અને પુત્રી તેમજ માતા-પિતા ઘરે હતાં. કામ પર હતા ત્યારે સાંજે 6.45 કલાકે પિતાએ ફોન કરીને જણાવ્યું કે, જેનિકા દવાખાને જવું છે તેમ કહી પુત્રી વર્ણીને લઈ સવારે 10 કલાકે ગઈ છે. હજી આવી નથી. આ અંગે કામરેજ પોલીસ મથકમાં પત્ની અને પુત્રીની ગુમ થયાની ફરિયાદ નોંધાવી છે.

### બારડોલીમાં અકસ્માત મોત કેસમાં જૈન પરિવારને ૮૨ લાખનું વળતર



બારડોલીઃ ગત ૧૦ એપ્રિલ, ૨૦૨૫ના રોજ મહાવીર જયંતીના દિવસે બારડોલીની જનતા સોસાયટીમાં રહેતા જૈન વેપારી યોગેશ શાહનાં પત્ની કિંજલ શાહ અને ૪ વર્ષના પુત્ર દિયાન શાહનું કડોદરાની નીલમ હોટલ નજીક માર્ગ અકસ્માતમાં મૃત્યુ થયું હતું. શાહ પરિવાર મુંબઈ જવા માટે બસની રાહ જોઈ રહ્યો હતો. એ સમયે પૂરઝડપે આવેલા ટ્રેક્ટરના ચાલકે રેલિંગ સાથે ટક્કર મારતાં ભાગદોડ મચી ગઈ હતી. આ ભાગદોડ દરમિયાન માતા-પુત્ર ટ્રેક્ટરનાં વ્હીલ નીચે કચડાઈ ગયાં હતાં. આ ઘટના અંગે બારડોલી કોર્ટમાં ૧ કરોડના વળતર માટે કેસ દાખલ કરાયો હતો. કોર્ટે માત્ર ૯ માસના ટૂંકા ગાળામાં ઝડપી ચુકાદો આપતાં વીમા કંપનીને મૃતકના પરિવારને ૮૨ લાખનું વળતર ચૂકવવાનો આદેશ કર્યો હતો, જે રકમ કોર્ટમાં ચૂકવવામાં આવી હતી. આ ઝડપી ન્યાયથી મૃતક પરિવારને થોડી રાહત મળી છે.

### નાતાલની ઉજવણી માટે પરવાનગી આપવા તાપી કલેક્ટરને રજૂઆત

વ્યારાઃ પ્રેમનો તહેવાર ગણાતા નાતાલના પર્વ માટે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે તાપી જિલ્લા સમસ્ત ખ્રિસ્તી સમાજ દ્વારા નાતાલની ઉજવણી માટે જિલ્લામાં ખ્રિસ્તી સમાજ દ્વારા આગામી 24મી ડિસેમ્બરથી 1 જાન્યુઆરી-2026 સુધી કાર્યક્રમ યોજવા માટે પરવાનગી આપવા અને નાતાલની ઉજવણી શાંતિપૂર્ણ ઉજવણી માટે જરૂરી સુરક્ષાની માંગ સાથે તાપી કલેક્ટરને આવેદનપત્ર આપી રજૂઆત કરાઈ હતી., જેમાં જિલ્લામાંથી ખ્રિસ્તી સમાજનાં આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

### કણજોડ ગામે દીપડી પાંજરે પુરાઈ



વ્યારા : વાલોડના કણજોડ ગામે છેલ્લાં 12 દિવસની અંદર બીજી વખત દીપડી પાંજરામાં કેદ થઈ હતી. કણજોડ ગામમાં છેલ્લા કેટલાક દિવસોથી દીપડો ફરતો હોવાની જાણ વન વિભાગને કરવામાં આવી હતી. જેના પગલે વન વિભાગની ટીમે કણજોડ ગામના પટેલ ફળિયામાં અરવિંદભાઈ છાણીયાભાઈ ચૌધરીના ઘરની પાછળ 10 દિવસ અગાઉ દીપડાને પકડવા પાંજરું મૂક્યું હતું, જેમાં ગતરોજ મળસકે 5 વાગ્યાના સુમારે મારણ ખાવાની લાલચે દીપડી પાંજરે પુરાઈ હતી. દીપડી પાંજરે પુરાઈ હોવાની જાણ થતાં તાત્કાલિક વનવિભાગની ટીમે પાંજરામાં કેદ થયેલ અંદાજિત 3થી 4 વર્ષની દીપડીનો કબજો મેળવી વાલોડ વનવિભાગની નર્સરીમાં લઈ જઈ દીપડીને સુરક્ષિત જંગલમાં છોડવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી.

# મુડતમાં પૂરઝડપે દોડતી કારે બાઈકસવાર બેને ટક્કર મારી

**ગ્રામજનોએ** સીસીટીવીના આધારે કાર શોધી નુકસાન પહોંચાડ્યું, ઘાયલોને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા




અનાવલઃ બારડોલીના તાજપોર બુજરંગ ગામે આહીરવાસ ફળિયામાં રહેતી બે જણા બાઈક પર વાલોડ તાલુકાના મોરદેવી ગામે આવેલા ખેતરે જઈ રહ્યા હતા. તા.14/12/2025ના રોજ રવિવારે બપોરે સાડા ત્રણ વાગ્યાના અરસામાં મહુવાના મુડત ગામની સીમમાંથી પસાર થતી વેળા પૂરઝડપે આવતી એક કારના ચાલકે ગફલતભરી રીતે વાહન ચલાવી મોટરસાઈકલને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં બાઈકસવાર બંનેને ગંભીર ઈજા થતાં તાત્કાલિક સારવાર માટે સુરતની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. અકસ્માત સર્જી કાર ચાલક ઘટના સ્થળેથી ફરાર થઈ ગયો હતો. બાદમાં પરિવારજનો અને ગ્રામજનોએ મુડતથી મહુવા રોડ ઉપરનાં સીસીટીવી ફૂટેજ તપાસી કારને મહુવાના બીડ ગામે આવેલી નાનાવાડી વિસ્તારમાંથી શોધી કાઢી હતી. રોષે ભરાયેલા ટોળાએ કારને નુકસાન પહોંચાડ્યા બાદ પોલીસને જાણ કરી હતી. આ મામલે ઈજાગ્રસ્તના પુત્રની ફરિયાદના આધારે પોલીસે અકસ્માત સર્જનાર કાર ચાલક સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

# માંડવી વકીલમંડળના પ્રમુખ પદે પ્રતાપ શર્મા ચોથીવાર બિનહરીફ




**ઉપપ્રમુખ** પદે સંજયસિંહ એ.ડુમસીયાની વરણી

માંડવીઃ માંડવી તાલુકા વકીલમંડળની વાર્ષિક સાધારણ સભામાં વકીલમંડળના હોલ ખાતે મળી હતી, જેમાં ગત વર્ષનો હિસાબો વકીલમંડળના તમામ સભ્યોએ સર્વાનુમતે મંજૂર કર્યા હતા. ત્યારબાદ માંડવી વકીલમંડળના નવા હોદ્દેદારો અંગેની ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. ત્યારે ચૂંટણી અધિકારી અને વકીલ દિગ્વિજયસિંહ સાંગદોઠની અધ્યક્ષતામાં ગત વર્ષના હોદ્દેદારોને ફરી ચાલુ રાખવા સૌ વકીલમંડળના તમામ સભ્યોએ સર્વાનુમતે નક્કી કરી સન 2025-26નો ઠરાવ કરવામાં આવ્યો હતો. જેમાં પ્રમુખ પદે પ્રતાપભાઈ એસ. શર્મા, ઉપપ્રમુખ પદે સંજયસિંહ એ.ડુમસીયા, મંત્રી મનીષભાઈ બી. ટેલર, સહમંત્રી રાજેશભાઈ સી.ચૌધરી, કોષાધ્યક્ષ ધર્મેશભાઈ કે. ઉપાધ્યાય અને લાઈબ્રેરિયન વર્ષાબેન એ.પટેલ વગેરે હોદ્દેદારો બિનહરીફ વરાયા હતા. નવનિયુક્ત બિનહરીફ વકીલમંડળના પ્રમુખ પ્રતાપભાઈ શર્માએ સૌ વકીલ મિત્રોનો આભાર વ્યક્ત કરી નવાં કામો કરવાની ખાતરી આપી હતી. વકીલ મંડળના પ્રમુખ પદે પ્રતાપભાઈ શર્માની ચોથી વખત વરણી થઈ હતી.

# તડકેશ્વર ગામે પાર્કિંગ મુદ્દે 3 પડોશીએ યુવકને ફટકાર્યો

**તમારી** કારને કારણે અમારો ટેમ્પો મૂકવામાં તકલીફ પડે છે કહી હુમલો કર્યો, વચ્ચે બચાવવા પડેલી મહિલાને પણ માર મારી

માંડવીઃ તડકેશ્વર ગામના કિષ્નાનગર ફળિયામાં પાર્કિંગ મુદ્દે ત્રણ શખ્સોએ પડોશી યુવકને ઢોર માર્યો હતો. આ બનાવમાં વચ્ચે પડેલી મહિલાને પણ ગાળો આપી ઢીકામુક્કીનો માર મારતા મામલો માંડવી પોલીસ મથકમાં પહોંચ્યો હતો. જ્યાં ત્રણ ઈસમ સામે ફરિયાદ નોંધાઈ હતી.

તડકેશ્વરના ક્રિષ્નાનગર ફળિયામાં જાગૃતિબેન હસમુખભાઈ પટેલ (ઉ.વ. ૩૨) રહે છે. તેમના પતિ હસમુખભાઈ હરિયાલ ખાતે ખાનગી કંપનીમાં નોકરી કરે છે. ગતરોજ તેમના પતિ હસમુખભાઈ નોકરીએ ગયા હતા અને દેરાણી પિયર ગઈ હતી.

દરમિયાન તેમના સાસુ કુસુમબેન અને દિયર ચેતનભાઈ (ઉ.વ. ૩૩) ઘરે હાજર હતા. સવારે આશરે સાડા નવ વાગ્યાના સુમારે તેમની કાર નં.(GJ 19 af 5688) ઘર આગળ ઓટલાની બાજુમાં પાર્ક કરી હતી. એ દરમિયાન ફળિયામાં રહેતા વિજયભાઈના ટેમ્પોના ડ્રાઈવરે તમારી કારને કારણે અમને ટેમ્પો કાઢવામાં તકલીફ પડતી હોવાનું કહી વિવાદ કર્યો હતો. ત્યારબાદ વિજયભાઈ, કલ્પેશભાઈ અને અક્ષિલભાઈ ત્યાં આવી કાર પાર્કિંગ બાબતે બોલાચાલી કરવા લાગ્યા હતા. દિયર ચેતનભાઈએ કાર હટાવી ઘરની દીવાલ પાસે પાર્ક કરી હતી.

કારમાંથી ઊતરતાં જ ત્રણેય શખ્સોએ ચેતનભાઈને પકડી માર મારવાનું શરૂ કર્યું હતું. આ બનાવમાં કલ્પેશભાઈએ ચેતનભાઈને માથાના ભાગે પંચ જેવા કોઈ વસ્તુથી માર માર્યો હતો. વચ્ચે પડેલાં જાગૃતિબેન અને સાસુ કુસુમબેનને ગાળો આપી જાગૃતિબેનને ઢીકમુક્કીનો માર માર્યો હતો.

આથી તેમણે બૂમાબૂમ કદતાં આજુબાજુના લોકો દોડી આવ્યા હતા. આ બનાવમાં આરોપીઓએ કહ્યું હતું કે, તમે અગાઉ પણ અમારા વિરુદ્ધ ફરિયાદ કરી છે. જેની અદાવત રાખીને ફરી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. ત્યારબાદ ત્રણેય આરોપી સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા. આ ઘટનામાં ઈજાગ્રસ્ત ચેતનભાઈને માથા, છાતી તથા પીઠમાં દુખાવો થતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ ઘટનાને લઈ જાગૃતિબેને વિજયભાઈ, કલ્પેશભાઈ અને અક્ષિલભાઈ સામે માંડવી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે બનાવ અંગે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

# મૂળદ-કીમામલી ચાર રસ્તા પાસે બે કાર ભટકાઈ

**અઠવાડિયામાં** અકસ્માતની ત્રીજી ઘટના





કીમઃ કીમ નજીક મૂળદ-કીમામલી ચાર રસ્તા પર સપ્તાહમાં અકસ્માતની ત્રીજી ઘટના સામે આવી રહી છે. ચાર રસ્તા પર ક્રોસ કરતાં બે કાર સામસામે ધડાકાભેર ભટકાઈ હતી. આ બનાવમાં કારને નુકસાન થયું હતું. જો કે, કારમાં સવાર લોકોનો બચાવ થયો હતો.

કીમ નજીક આવેલ મૂળદ-કીમામલી ચાર રસ્તા પર રોડ ક્રોસ કરતી બે કાર ધડાકાભેર એકબીજા સાથે ભટકાઈ હતી. એક સપ્તાહમાં પ્રથમ ઘટનામાં ગુરુવારે કાર અને મોપેડ અથડાતાં મોપેડ ચાલક ઈજાગ્રસ્ત થયો હતો. બીજી ઘટના શનિવારે છકડા અને બાઈક વચ્ચે બની હતી, જેમાં બાઈક સવાર બે યુવક ઈજાગ્રસ્ત થયા હતા. ત્રીજી ઘટના સોમવારે બની હતી, જેમાં કાર કીમામલી તરફથી આવી રહી હતી. બીજી કાર ઓલપાડ તરફ જઈ રહી હતી. એ સમય દરમિયાન રોડ ક્રોસ કરતી સમયે આઈ ટેન નં.(જીજે.૧૭.એએચ.૬૫૯૫) તેમજ અન્ય બલેનો કાર નં.(જીજે.૧૬. સીએન. ૯૪૭૩) એકબીજા સાથે ધડાકાભેર અથડાઈ હતી. અકસ્માત કારમાં મોટું નુકસાન થયું હતું. જ્યારે કારમાં સવાર લોકોનો આબાદ બચાવ થયો હતો.

# કીમ બજારમાં ફરાર આરોપી ઝડપાયો

સાયણઃ સુરત જિલ્લા એસ.ઓ.જી. પોલીસ શાખાની ટીમ પેટ્રોલિંગમાં હતી. ત્યારે બાતમી મળી હતી કે, કીમ ટાઉનમાં જમાતી મસ્જિદ પાછળ આવેલા આશિયાનાનગરના મ.નં.૧૨૯૩માં રહેતો અકરમ અલ્લારખા શેખ (ઉં.વ.૩૫) વિરુદ્ધ ઓલપાડ પોલીસ મથકમાં ચાલુ વર્ષે એન.ડી.પી. એસ. એક્ટની જુદી જુદી કલમો હેઠળ ગુનો નોંધાતાં ભાગતો ફરે છે. જે કીમ બજારમાં રેલવે ઓવરબ્રિજ નીચે ઊભો છે. જેના આધારે પોલીસે રેઈડ કરી આરોપી અકરમ શેખને દબોચી કીમ પોલીસને સોંપ્યો હતો.

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹ ૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

**વ્યવસાયીક ધંધાકીય**

**કબુતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રી પૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958 / 9374726017

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

**જમીન પુરાણ માટેનો**
મલબો (માટી)નો મોટો જથ્થો વ્યાજબી ભાવે મેળવવા માટે સંપર્ક કરો સંપર્ક સમય સવારે ૧૦થી ૬ મો. 9998816308

**PRESIDENT PEST CONROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**ઘરબેઠા TV, LCD**
LED રીપેરીંગ. દરેક વિસ્તારમાં દામીની ઈલેક્ટ્રોનિક્સ, અડાજણ. 9898302700

**લાઈફ હિંચકાના કડાં,**
અમેરીકન ટેકનોલોજીથી તોડફોડ કર્યા વગર ગેરેન્ટેડ ફિટીંગ : 8460222292, 8460222282

**હિંચકાના કડાંવાલા**
કડાં, તોડફોડ કર્યા વગર, અમેરીકન ટેકનોલોજીથી ગેરન્ટેડ ફિટીંગ. Mobile: 9099663638

**વ્યસન છોડાવા ઘરે**
પાવડર- ટીપા અજમાવ્યા ? નશો ન છૂટયો ? અમને ચાન્સ આપો, અમે છોડાવીશું, સેકન્ડ ચાન્સ રિહેબ. સુરત. સાચી સારવાર. 9978071218

**ઓમશિવ ટ્રાવેલ્સ**
17 રાત્રે, દ્વારકા, સોમનાથ, વિરપુર, ચોટીલા, 25 રાત્રે, (ઉજ્જૈન, ઓમકારેશ્વર, સિહોર) (અંબાજી, મોઢેરા, બહુચરાજી, સારંગપુર) 24- રાત્રે, (ગોકુલ, મથુરા, વૃંદાવન, બરસાણા) (રણઉત્સવ, કચ્છ, માંડવી, આશાપુરા માતા, અંજાર, મોગલધામ) ખરવરશેરી, ભાગળ, સુરત. -9537838949, 9327199997

**હોમાત્મક - સુંદરકાંડ દ્વારાં આર્થિક - માનસિક - શારીરિક વાસ્તુ દોષ સમસ્યા નિવારણ**
99987 87143

**નોકરી વિષયક**

**દાંતના દવાખાના માટે**
જોઈએ છે (૧) ડેન્ટલ આસિસ્ટન્ટ (પાર્ટ ટાઈમ) (૨) ફોર વ્હીલ ડ્રાઈવર. વાઈટલ ડેન્ટ કેર, ભટાર રોડ. મળવાનો સમય સાંજે ૭ વાગ્યે Mo. 9898359719 (689)

**પ્રીમિયમ કોમર્શિયલ પ્રોપર્ટી ભાડેથી / વેચાણથી**
• વરાછા રોડ : હીરાબાગ સર્કલ, મંગલદિપ કોમ્પલેક્ષ, પહેલે માળે ૫૨૮૦ સ્કે. ફીટ કારપેટ. હોસ્પિટલ, કોર્પોરેટ ઓફિસને લાયક.
દલાલ આવકાર્ય.
93138-06341

**પ્રિન્ટીંગના મશીન**
કામ માટે માણસો જોઈએ છે કમ્પ્યુટર આવડવું હોવું જોઈએ, ઉંમર 20 થી 25 વર્ષ 6353685196 ઘોડદોડ રોડ સુરત.

**પેટ્રોલ પંપ પર કામ**
કરવા માટે છોકરાઓ/ છોકરીઓ જોઈએ છે ગજાનન પેટ્રોલિયમ, કતારગામ, સુરત. મો.9157675490, 7041801379 (688)

**TAX Advocateની**
ઓફિસ માટે કોમ્પ્યુટર જાણકાર FEMALE / MALE કૈલાસનગર, સગરામપુરા, સુરત. મો.9173713932

**મિલ્કત લે-વેચ**

**હોજીવાલા ઈન્ડસ્ટ્રીમાં**
756/ 1484/ 3612/ 7308 વિગેરેના પ્લોટ ખરીદ/ વેચાણ તથા ભાડે આપવા/ લેવા માટે સંપર્ક કરો. 8866478300, 9825141500 (118)

**મિલ્કત ભાડેથી**

**સચિન હોજીવાલા**
થી નજીક વેરહાઉસ ભાડે આપવાનૂ છે 130 X 65 અને 23 ફૂટ હાઈટ વાળો તૈયાર શેડ... સ્ટાફ માટે રૂમ ની સગવડ પણ મળી રહેશે... 3 ફેઈઝ વીજળી કનેક્શન તથા મીઠા પાણી નો બોર... પણ ઉપલબ્ધ... પલસાણા થી ફક્ત 6 k.m. અને હોજીવાલા થી ફક્ત 2 k.m. એડ્રેસ મુ.પો. કછોલી, લાજપોર તરાજ રોડ. જિલ્લા સુરત. વધુ માહિતી માટે સંપર્ક કરો.. 9924441820

**મિલ્કત વેચવાની છે**

**5 BHK Independent**
બંગલો વિશ્વકર્મા સોસાયટી, બિલીમોરામાં વેચવાનો છે. ગૌહરબાગમાં પ્લોટ 2000 બાંધકામ 4000 Sqft. 1.11 બજેટ 7698221583 (690)

**મકાન વેચવાનું**
નવું બાંધકામ ત્રણ માળ આસપાસ મંદિર 32 લાખ મયુર - 8488968543

**લગ્ન વિષયક**

**સુરત રહેતી 33 વર્ષની**
બ્રાહ્મણ Doctor યુવતી માટે Educated યુવક આવકાર્ય 9512318416

**ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો**
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.